
# વહેલી સવારની મજા



એક હતું જંગલ. જંગલમાં એક બકરી રહેતી હતી. બકરીને બે બચ્ચાં હતાં. એક નાનું અને એક મોટું. બંને બચ્ચાં બહુ જ રમતિયાળ હતાં. આખો દિવસ કૂદાકૂદ કરે. દોડાદોડ કરે. સાતતાળી રમે. સંતાકૂકડી રમે. ટેકરા ઉપર ચઢી જાય ને કૂદકા મારે. એક બીજાની ઉપર પડે ને પાછાં કૂદીને ઊભાં થઈ જાય. કૂદે, હસે, રમે ને ચરે.

એક દિવસ મોટું બચ્ચું સૂતું હતું. નાનું બચ્ચું વહેલું જાગી ગયું. જોયું તો હજી કોઈ ઊઠયું નહોતું. સૂરજદાદા પણ ઊગ્યા નહોતા. ચારે બાજુ ઝાંખુ ઝાંખુ અજવાળું હતું. પક્ષીઓ તો કયારનાય ઊઠી ગયાં હતાં. ઝાડની ઘટામાં કલરવ કરતાં હતાં. ઠંડો પવન વાઈ રહ્યો હતો. ઝાડની ડાળીઓ ઝૂમી રહી હતી. ફૂલો ડોલી રહ્યાં હતાં. જાણે કે હસતાં હતાં ને નાચતાં હતાં. નાનકડું બચ્ચું તો આજે જ વહેલું ઊઠયું હતું. એને તો આ બાધું જોઈને બહુ જ મજા પડી. એને થયું કે આપણે તો રોજ વહેલાં ઊઠવું જોઈએ. કેવી મજા પડે છે !

પછી એને ફરવા જવાનું મન થયું. એ તો ઊછળતું કૂદતું ચાલવા લાગ્યું. છોડ ઉપરનાં પાંદડાં ચરતું જાય, કૂદકા મારતું જાય અને ચારે બાજુ જોતું જોતું આગળ દોડતું જાય. એણે જોયું કે સસલાં પણ દોડાદોડ કરતાં હતાં ખિસકોલીઓ પણ જાગી ગયેલી ને ઝાડ ઉપર ચઢતી-ઊતરતી દોડાદોડા કરતી હતી. દૂરથી કૂકડાનો કૂકડે..કૂક એવો અવાજ આવતો હતો. ચકલીઓ ચીં.. ચીં.. કરતી હતી. એને થયું કે આ બધાં રોજ વહેલાં ઊઠતાં હશે ? રોજ આનંદ કરતાં હશે ? એણે તો એક સસલાને પૂછયું,

‘સસલાભાઈ, તમે રોજ વહેલા ઊઠો છો ? તમને ઊંઘ નથી આવતી ?’

સસલું કહે, 'ના રે ના, ઊંઘ શાની આવે ? કેવો સરસ પવન આવે છે ? કેવાં સરસ ફૂલો ખીલ્યાં છે ? દોડાદોડ કરવાની કેવી મજા આવે છે ? પછી કંઈ સૂઈ રહેવાય ? જોને, હવે તો સૂરજદાદા ઊગશે. એ ઊગે ત્યારે કંઈ સૂઈ રહેવાય ? તો તો આપણે ગાંડા જ કહેવાઈએ ને !' એમ કહીને સસલું તો દોડી ગયું.

બચ્ચું તો વિચારમાં પડી ગયું. ફરી એણે ખિસકોલીને પૂછયું,

'ખિસકોલી બહેન, તમે કયારનાં ઊઠયાં છો ?'

ખિસકોલી કહે, 'હું તો કયારનીયે ઊઠી છું. હું તો રોજ ઊઠું છું ત્યારે અંધારું હોય છે. કોઈ ઊઠેલું હોતું નથી. સાવ શાંતિ હોય છે. હું તો ઊઠું છું. પછી ભગવાનનું ધ્યાન ધરું છું. પછી બધાં ધીમે ધીમે ઊઠે છે. મને તો એટલી મજા આવે છે. જો ને હું તો ન્હાઈ ધોઈને રમવા માટે તૈયાર !'

બચ્ચું કહે, 'તું કોની સાથે રમે છે ?'

ખિસકોલી કહે, 'હું તો એકલી એકલી રમું છું, ફૂલો સાથે રમું છું, ઝાડ સાથે રમું છું, ચકલીઓ સાથે રમું છું. બધાં સાથે રમું છું.'

બકરીનું બચ્ચું તો નવાઈ પામી ગયું એને થયું, 'હું તો રોજ મોડું ઊઠું છું. આ બધાં વહેલાં ઊઠી જાય છે. પછી ગાય છે, નાચે છે ને રમે છે. કેવી મજા કરે છે. મારે પણ રોજ વહેલા ઊઠવું જોઈએ.'

એમ વિચાર કરતાં કરતાં એ તો આગળ ચાલ્યું ત્યાં એક તળાવ આવ્યું. તળાવનાં પાણી તો પવનમાં હિલોળા લેતાં હતાં. તળાવને કિનારે મોટાં મોટાં ઝાડ હતાં. એનો પડછાયો પાણીમાં પડતો હતો. જાણે તળાવમાં ઊંધાં ઝાડ ઊગ્યા હોય એવું લાગતું હતું. તળાવમાં માછલીઓ તરતી હતી. કાચબા તરતા હતા. તળાવને કિનારે હરણાં પાણી પીવા આવ્યાં હતાં. તળાવમાં કમળ અડધાં ખીલેલાં હતાં. ચારે બાજુ સુગંધ સુંગધ હતી.

એવામાં સૂરજદાદા ઊગ્યા. ચારે બાજુ એકદમ અજવાળું અજવાળું થઈ ગયું. કમળ બધાં એક પછી એક ખીલવા લાગ્યાં. તળાવમાં પણ સૂરજદાદા દેખાવા લાગ્યાં. બધું બહુ જ સરસ લાગતું હતું. બકરીનું બચ્ચું તો જોઈ જ રહ્યું.

પછી તો હરણે કહ્યું, 'ચાલો, ચારો શોધવા જઈએ.'

સસલાએ કહ્યું. ચાલો બકરીબહેન, ઘાસ ખાવા જઈએ. '

એટલે બકરીના બચ્ચાને એકદમ ઘર યાદ આવ્યું. એને થયું કે ઘેર બધા ઊઠી ગયા હશે. મને શોધતાં હશે. ચાલ હું જલદી ઘેર જાઉં.

એટલે એણે સસલાને કહ્યું, 'હું તો ઘેર જઈશ પણ તમારાં બધાંની સાથે રમવા માટે કાલે સવારે વહેલું આવીશ. મારી મોટી બહેનને પણ લેતું આવીશ.'

એમ કહી એ તો દોડતું ને કૂદતું ઘેર આવ્યું. ઘેર બધા ઊઠી ગયાં હતાં એને જ શોધતાં હતાં.

બચ્ચાંને જોઈને તરત બધાં પૂછવા લાગ્યાં, 'તું ક્યાં ગયું હતું ? અમને તો તારી બહુ જ ચિંતા થતી હતી.'

બચ્ચાએ કહ્યું, 'હું તો વહેલું ઊઠી ગયું હતું. ફરવા ગયું હતું. મને તો આજે એટલી મજા આવી, એટલી મજા આવી કે ના પૂછો વાત. હું તો હવે રોજ વહેલું ઊઠીશ. રોજ ફરવા જઈશ. રોજ રમવા જઈશ. રોજ તળાવની પાળે જઈશ. રોજ સૂરજદાદાનાં દર્શન કરીશ. મોટી બહેન, તું પણ સાથે આવીશ ને ?'

મોટા બચ્ચાએ કહ્યું, 'હું પણ આવીશ. મને પણ તારી સાથે જગાડજે.'

એમ રોજ રોજ બંને બચ્ચાં પરોઢિયે ઊઠવા લાગ્યાં, ફરવા જવા લાગ્યાં, રમવા લાગ્યાં, સસલાં, ચકલાં ને ખિસકોલીની ભાઈબંધી કરીને તળાવની પાળે જવા લાગ્યાં ને મજા કરવા લાગ્યાં.

-સંસ્કાર સુધા

વિદ્યાભારતી